Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ પરોપકારી સત્પુરુષો. ... ... ( ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. ) ... ૭૫
૨ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ... ( અનુવાદ ) ... ... ૭૭
૩ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા ! ( નરોતમદાસ. બી. શાહ. ) ૮૨
૪ ઉજ્જ્વલ પ્રભાત. ... ... ( વેલચંદ ધનજી ) ... ... ૮૬
૫ પ્રતિબિંબ. ... ... ... ( રા. સુશીલ ) ... ૮૭
૬ અમારી પૂર્વદેશની યાત્રા ( મુનીરાજ શ્રી દર્શન વિ. મહારાજ ) ... ૯૦
૭ લિચ્છવિ જાતિ.... ... ... ... ( રા. સુશીલ ) ... ૯૪
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૯૭


## લાઇફ મેમ્બર સાહેબોને ભેટ.

ગ્રંથોના નામો

૧ **શ્રીપાળ મહારાજનો રાસ**–સચિત્ર અર્થ, વિધિવિધાન, સ્નાત્રો, પૂજાઓ, દેવવંદન વગેરે અનેક વસ્તુઓ સહિત. રૂા. ૨–૮–૦ (આવો ગ્રંથ હજી સુધી પ્રકટ થયોજ નથી.)
૨ **શ્રી સુરસુંદરી ચરિત્ર**–(સ્ત્રી ઉપયોગી ખાસ સુંદર રસપૂર્ણ કથા) રૂા. ૧–૮–૦
૩ **જૈન ધર્મ**–વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિયે લખાએલ. રૂા. ૧–૦–૦
૪ **શ્રી સંવેગમકુકંદલી**–જૈન અધ્યાત્મગીતા (સંસારથી બળીઝળી રહેલા આત્માને પરમ શાંતિરૂપી ઔષધરૂપ. રૂા. ૦–૪–૦ ( મૂળ ભાષાંતર સાથે )
૫ **શ્રી સામાયિક–ચૈત્યવંદન સૂત્ર** (શબ્દાર્થ, અન્વયાર્થ ને ભાવાર્થ સાથે) જૈન ધર્મના પ્રાથમિક અભ્યાસ માટે બાળકો માટે અવશ્ય ઉપયોગી. અઢી આના.

ઉપરોક્ત પાંચે ગ્રંથો બહારગામના લાઇફ મેમ્બર સાહેબોને પોસ્ટેજ રૂા. ૧–૧–૦ પૂરતા પૈસાનું વી૦ પી૦ કરી (બીજા વર્ગના લાઇફ મેમ્બર સાહેબોએ ધારા પ્રમાણે નં, ૧ ના ગ્રંથના વધારાની કિંમતના આઠ આના) સાથે વી૦ પી૦ કરી મોકલવા શરૂ કર્યા છે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

આ શહેરના લાઇફ મેમ્બર સાહેબોએ સભાની ઓફીસમાંથી ધારા પ્રમાણે મંગાવી લેવા વિનંતિ છે.

### —: નવા થ માનવંતા લાઇફ મેમ્બરો :—

| | | |
|---|---|---|
| ૧ | શાહ હિંમતલાલ અમરચંદ | ભાવનગર. |
| ૨ | શાહ ઝવેરચંદ જીવણભાઇ | ,, |
| ૩ | ભા૦ અમૃતલાલ જીવરાજ | ,, |
| ૪ | ભા૦ હરીચંદ ત્રિભોવનદાસ | ,, |
| ૫ | શાહ જીવણલાલ ચુનીલાલ | ડભોઇ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી ॥

# આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६०. कार्तिक. आत्म सं. ३९. { अंक ४ थो.

## પરોપકારી સત્પુરુષો.

વંશસ્થ–ઇંદ્રવંશા.

' પરોપકારાર્થ વિભૂતિ* સંતની, ' પ્રવૃત્તિ વર્ત્તે પરદુઃખભંજની;
વિચારણાઓ જગહિતમંડની, સુપથ્ય વાણી પ્રિય ચિત્તનંદની. ૧

દુઃખાર્ત્તની દુઃખદ સાંભળી કથા, દ્રવી જતા સંતહૃદો[1] હૃદો[2] યથા;
અશાંત આશ્વાસન–નીર સિંચતા, દુઃખાગ્નિને સત્પુરુષો શમાવતા. ૨

* ' परोपकाराय सतां विभूतयः । ' [1] હૃદયો. [2] ઝરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવાટવીમાંહિ ભુલા પડેલને, ઉન્માર્ગગામી અવિવેકી લોકને;
સત્પંથમાં સ્થાપન સજ્જનો કરે, સ્વ–હસ્ત આલંબન આપી ઉદ્ધરે. ૩

સંસાર સંતાપથી તપ્ત સર્વને, મહાત્મ તે બાંધવ છે અકારણે;
[3]છાયામહીરુહ સમાન શીતતા, પરોપકારી પુરુષો પમાડતા. ૪

વિશ્રાંતિ આપી જન શ્રાંતિ સંહરે, સદ્‌ભાવ–આમોદથી[4] મોદ સંભરે;
વાત્સલ્ય–વાયુથી પ્રફુલ્લતા કરે, સંતો ખરે ! જંગમ ચંદનો ઠરે. ૫

પરોપકારી અપકારીમાંય રે ! નિઃશંકતાથી ઉપકાર આચરે;
અમિત્ર પ્રત્યે પણ મિત્રતા ભજે, શાર્દૂલ શું જાતિ સ્વભાવને તજે ? ૬

કુપાત્ર શું આ ? અથવા સુપાત્ર આ ? ઉગે નહિં એમ વિકલ્પ માત્ર આ;
સર્વત્ર વર્ત્તે સમભાવ સંતને, [5]વારિદ શું ઠામ કુઠામને ગણે ? ૭

' કઠોર[6] છે વજ્ર સમાન તે છતાં, પુષ્પોથીયે કોમલ ચિત્ત ધારતા ';
પરોપકારી પરતાપથી રડે, [7]વહ્નિવડે શું [8]નવનીત ના રડે ? ૮

દીનેંદ્રને[9] કોણ પ્રકાશવા કહે ? [10]શશાંકને કોણ વિનંતિ પાઠવે ?
પર્જન્યને[11] કોણ કરે પ્રયાચનો ? પરોપકારિત્વ સ્વભાવ સંતનો. ૯

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

---

૩ છાયાવૃક્ષ, ગાઢ છાયાવાળું વૃક્ષ. ૪ સદ્‌ભાવરૂપ સુગંધી. ૫ મેઘ.
૬ ' वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।' ૭ અગ્નિ. ૮ માખણ.
૯ સૂર્ય. ૧૦ ચંદ્ર. ૧૧ મેઘ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

( જીવનનું પરમધ્યેય. )

[ ગતાંક પૃષ્ટ ૬૦ થી શરૂ. ]

ઉપરોક્ત કથન ઉપલક દ્રષ્ટિએ વિચાર કરતાં કોઇને કદાચ અતિશયોક્તિભર્યું લાગે, પણ ધર્મની આવશ્યકતા અને બુદ્ધિયુકત વિચારસરણીની સદ્ધર્મ સાથે સદાકાળ સમકાલીનતા જ હોય છે એ દ્રષ્ટિએ જોતાં આ કથન અક્ષરશ સત્ય છે. બુદ્ધિયુક્ત વિચારસરણીમાં અવારનવાર પરિવર્ત્તનો થયાં કરે છે એ અદ્યપિ સત્ય છે, પણ એ પરિવર્ત્તનોથી જનતાનાં પ્રવર્ત્તમાન સત્ય જ્ઞાનમાં ભાગ્યેજ કોઇ વિશિષ્ટ પ્રકારની વૃદ્ધિ થાય છે. સામાન્ય રીતે આવાં વિચાર પરિવર્ત્તનોથી જનસમૂહનાં ધર્મજ્ઞાનમાં કશોયે વધારો થતો નથી. પૂર્વકાલીન મહાપુરૂષોએ યોગ અને ભક્તિરૂપ આત્મ સાક્ષાત્કારના અનન્ય સાધનોથી ધર્મનાં સર્વ ક્ષેત્રોનું અનુપમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આવાં અદ્વિતીય જ્ઞાનમાં સ્વરૂપ વિચાર પરિવર્ત્તનથી કોઇ વિલક્ષણ પ્રકારની વૃદ્ધિ કદાપી સંભવી શકે જ નહિ. પૂર્વકાળના મહાજ્ઞાની સમર્થ માત્માઓએ કુદરતનાં સર્વ સત્યોનું અનુપમ જ્ઞાન પ્રાપ્ત કરી એ સર્વ જ્ઞાન જગત્‌ના પરમ શ્રેય માટે જગત્‌ના જીવોને ચરણે ધરી દીધું હતું. એ જ્ઞાન એવું અપૂર્વ હતું કે પ્રકૃતિનાં કોઇપણ રહસ્ય સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવાનું જનતા માટે—ભાવિ મનુષ્યો માટે—અવશેષ રહ્યું ન હતું. આ સર્વ શ્રેષ્ઠ જ્ઞાનના સંબંધમાં ભાવિ જનતાનું કાર્ય એ જ હતું કે એ જ્ઞાનનું રહસ્ય યથાર્થ રીતે સમજવું અને દુઃખી જનોના પરમ કલ્યાણ માટે એ દીવ્ય જ્ઞાનનો સરલ રીતે પ્રચાર કરવો. જનતાએ મહર્ષિઓના પરમ આદર્શને દ્રષ્ટિ સમીપ રાખી જીવન–કર્તવ્યમાં લેશ પણ પ્રમાદ ન કર્યો ત્યાં સુધી જનતા સદ્ધર્મને માર્ગે રહી. જનતાનું જીવન સામાન્ય રીતે સુખમય ગયું.

પણ કાળ જતાં જનસમૂહ મહાન્ આદર્શને ભૂલી ગયો. ભૌતિક પદાર્થોમાંથી સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા વધવા લાગી અને એને પરિણામે જનતાનું જીવન દિનપ્રતિદિન સવિશેષ દુઃખી થવા લાગ્યું. જીવનના પરમ શ્રેય ધ્યેયનું પુનઃ પાલન કરવા અને જીવન પાછું સુખમય બનાવવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાત્માઓએ અધઃપતનયુક્ત જનતાને ઉપદેશ આપ્યો; પણ જનતા વિષયવિલાસમાં એટલી તો નિમગ્ન થઇ ગઇ હતી કે સદ્ધર્મના દીવ્ય બોધના સંબંધમાં જનતાની ઉપેક્ષા પારાવાર વધી ગઇ. યોગ, ભક્તિ, તપ, આત્મનિરોધ એ સર્વ જનતા સાવ ભૂલી ગઇ. મહાત્માઓના પરમ બોધમાં જનતાને કંઈ રસ રહ્યો નહિ. આમ નાસ્તિકવાદને પંથે વળતાં જનસમૂહનું દિનપ્રતિદિન ઘોર અધઃપતન થવા લાગ્યું. દુનીયા દિનપ્રતિદિન દુઃખસાગરમાં નિમગ્ન થવા માંડી.

ધર્મમાર્ગથી વિમુખ બની માનસિક દુઃખ અને માનસિક વ્યાધિઓથી અત્યંત પીડિત થયેલી જનતાને આ અનુકંપનીય સ્થિતિમાં, દુઃખમુકત થવા માટે કોઇ સરલ અને સોંઘો ઉપાય જોઇતો હતો. આવો સરલ ઉપાય જે કોઇ બતાવે તેનું જ શરણુ લેવા લોકો ઉત્સુક બન્યા હતા. જનસમૂહની આ વિચિત્ર મનોદશાને કારણે અલ્પજ્ઞાનવાળા મનુષ્યોએ ધર્મને નામે અડ્ડા જમાવ્યા. ક્ષુલ્લક જ્ઞાનવાળા મનુષ્યોના ધર્મને નામે અનુયાયીઓ ઉભરાઇ નીકળ્યા. આવા ધર્મવેષ ધારીઓમાં કોઇથી કંઇ ચમત્કાર થઇ જતો તો તેના મતપ્રચારને અપૂર્વ વેગ મળતો. આ પ્રમાણે ખરો ધર્મ ભૂલાવા લાગ્યો. લોકોને સદ્ધર્મમાં બીલકુલ રસ ન રહ્યો. ધર્મને નામે અધર્મરૂપ બની ગયાથી, ધર્મ અનેક રીતે ઉપહાસરૂપ બન્યો. ઇશ્વર, પ્રભુત્વસિદ્ધિસ્થિતિનો આદર્શ એ સર્વ લોકોને અસત્ય કલ્પના રૂપ ભાસવા લાગ્યું. ઇશ્વર કે પ્રભુત્વનું મૂલ્ય લોકોને મન કોડીનું પણ ન રહ્યું. જનતા પૈસાની પૂજારી બન્યાથી ભકિતભાવના સાવ વિનષ્ટ થઇ. દ્રવ્ય અને જડવાદની સત્તા વિશેષ જામ્યાથી પ્રભુત્વનો આદર્શ છેક વિસરાઈ ગયો. દુનીયામાં પ્રભુનાં રાજ્યને બદલે શયતાન અને તેના સહચરોનું અધિરાજ્ય થયું.

જગતની વર્તમાન સ્થિતિ આજે પણ એવીજ છે. આજે દુનીયા જડવાદમાં ડુબી ગઇ છે, મૂડીવાદે ઘર ઘાલ્યાં છે. લોકોની વિષય વિલાસવૃત્તિનું તો પૂછવુંજ શું? છતાંયે પૈસાપૂજા, નાસ્તિકતા અને વિષયવિલાસને પરિણામે લોકો દુઃખ અને ઉદ્વેગનો અનુભવ કરે છે એટલે પોતાનાં ભાગ્યના સંબંધમાં વિવિધ રીતે શોક કરે છે.કેવી વિચિત્ર સ્થિતિ? કેવી આશ્ચર્યકારી મનોદશા!

દરેક આત્મા સુખની તીવ્ર ઇચ્છાથી સ્વાતંત્ર્યનાં વિશુદ્ધ વાતાવરણની ઝંખના કરે છે, પણ નાસ્તિક વૃત્તિ અને વિષયલાલસામાં સ્વલ્પ સ્વાતંત્ર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સંભવનીય ન હોવાથી સત્ય સુખની પ્રાપ્તિ શકય નથી. કોઇ પણ મનુષ્ય ભૌતકવાદી બની કુદરતી રીતે જ દુઃખી થાય છે. આથી ભાતિકવાદનાં સાહજીક પરિણામ રૂપ દુઃખો માટે ભૌતિકવાદી પોતેજ દોષપાત્ર છે. એ દુઃખો માટે બીજાઓ ઉપર દોષારોપણ કરવું એ સર્વથા અયુકત છે.

પળેપળે પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે ઝંખના કરવી અને તે માટે હાર્દિક પ્રયત્ન સેવવો એ દરેક મનુષ્યનું કર્તવ્ય છે, એ આ ઉપરથી સહજ સમજી શકાશે. પ્રભુત્વના માર્ગ વિના દુઃખથી મુકિત અને સુખની પ્રાપ્તિ કદાપિ સંભવી શકે નહિ. પ્રભુત્વનો પંથ ઇહલૌકિક (દુન્યવી) વસ્તુઓનાં સુખ કરતાં અનંતગણો ઉત્કૃષ્ટ હોઇને એ માર્ગે જ સંચરવું એ જ પરમ કલ્યાણકારી છે. પ્રભુત્વથી પર કોઈ અન્ય પંથે જવામાં મનુષ્યને ઘોર દુર્દશા પ્રાપ્ત થાય છે. વિષયવિલાસ આદિમાં કાળક્ષેપ કરનાર મનુષ્ય પરમ કલ્યાણમાર્ગથી સ્વયમેવ વિમુખ બને છે. આથી ધર્મ જીવનની પળેપળનું મહામૂલ્ય ગણી દરેક મનુષ્યે ધર્મમાર્ગેજ પ્રવર્ત્તવું ઘટે છે. ધર્મમાર્ગ એજ ખરૂં જીવન અને તરણોપાય છે. મનુષ્યનો મૃત્યુઘંટ વાગતો અટકાવવાનો તે રાજમાર્ગ છે. અધિક શું ?

દરેક સદ્ધર્મપ્રેમીએ પોતાના આદર્શને સુનિશ્ચિત રાખી એ આદર્શને નિશ્ચયપૂર્વક વળગી રહેવું જોઇએ. પોતાના પરમ ધ્યેયનું સ્વરૂપ સુંદર રીતે સમજાયું હોય તો ગમે તેવાં પ્રલોભનથી પણ ખરા આદર્શપ્રેમી ઉપર તેની કશીયે અસર થતી નથી. વળી પોતાના પરમ ધ્યેયનું સત્ય સ્વરૂપ યથાર્થ રીતે જાણનાર સદ્ધર્મપ્રેમીઓને બીજાઓની દોરવણીની પણ અપેક્ષા રહેતી નથી. તેમને માર્ગદર્શનની જરૂર જ ન રહે. આદર્શના યથાર્થ જ્ઞાનવાળા પુણ્યવંત મનુષ્યો પોતાનો કલ્યાણ–માર્ગ જાતે જ શોધી લે છે. કલ્યાણ–માર્ગનાં અન્વીક્ષણમાં તેમને બીજાઓની સહાય લેવાનું અનાવશ્યક જ થઇ પડે છે.

પરમ ધ્યેયની પ્રાપ્તિ એ જ મનુષ્ય માત્રનું લક્ષ્યબિન્દુ હોવું જોઇએ. એ ધ્યેયની સિદ્ધિ માટે મનુષ્યે સતત્ પ્રયત્ન કરવા જોઇએ. કોઇ ક્ષુદ્ર કે નિકૃષ્ટ કોટીના ધ્યેયથી કોઇપણ પ્રકારનો ખરો અર્થ ન સરે એ દરેક મનુષ્યે સમજવું જોઇએ. એવું કોઈ પણ ધ્યેય એક પ્રકારની ભિક્ષાવૃત્તિ હોવાથી તે કદાપિ ઇષ્ટ ન જ હોઈ શકે. મનુષ્યનું પરમ ધ્યેય એવું હોય જેમાં દુઃખ, દારિદ્ર આદિને સ્થાન જ ન હોય. આવું પરમ ધ્યેય તે પ્રભુત્વનાં ધ્યેયમાં છે. બીજાં સર્વ ધ્યેયોમાં ભિક્ષાવૃત્તિ છે, માટે પ્રભુત્વનાં પરમ ધ્યેયને જ ગ્રહણ કરી એ ધ્યેયની સિદ્ધિને સંપૂર્ણ અનુરૂપ જીવન વ્યતીત કરવું એજ ખરૂં ધન્ય જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે પ્રભુત્વનાં ધ્યેય રહિત જીવન એ જીવન નથી પણ મૃત્યુની પરંપરા છે. દુઃખ, દારિદ્ર આદિનું સંપૂર્ણ નિવારણ પ્રભુત્વ–પ્રાપ્તિ રૂપ પરમ પદમાંજ રહેલું છે. એ પરમ દેવત્વથી જ પરમ સુખની પ્રાપ્તિ થાય છે. સામાન્ય દેવત્વ આદિની પ્રાપ્તિથી દુઃખ-દારિદ્રનું યથેષ્ટ નિવારણ અસંભાવ્ય છે. પરમ દેવત્વ આ પ્રમાણે આત્માના વિકાસની સર્વોચ્ચ સ્થિતિ છે એ તેની દુઃખ, દરિદ્રતા આદિનો નાશ કરી પરમ સુખની પ્રાપ્તિજનક અદ્વિતીય ગુણથી પ્રતીત થાય છે.

મનુષ્યે ધર્મનું સેવન શા માટે કરવું અને સંસારના વિવિધ સુખોનો પરિત્યાગ કરવાને બદલે એ સુખોનો ઉપભોગ કેમ ન કરવો ? એવો પ્રશ્ન ઘણીએ વાર ઉપસ્થિત થાય છે. આ પ્રશ્ન વાસ્તવિક છે અને ધર્મની ઉપયુક્તતા અને ગૌરવ સિદ્ધ કરવા માટે એ પ્રશ્નનો ખુલાસો ખાસ આવશ્યક છે. ધર્મ એટલે સુખનું તાત્ત્વિક જ્ઞાન. વિશુદ્ધ સુખની પ્રાપ્તિ એ ધર્મનો ઉદ્દેશ છે. સત્ય ધર્મ એ વિશુધ્ધ સુખની પ્રાપ્તિનું વિવિધ રીતે નિરૂપણ કરે છે. ઇંદ્રિય સુખોનું સ્વરૂપ અને સત્ય સુખનું સ્વરૂપ પરસ્પર ભિન્ન છે એવો ધર્મથી બોધ મળે છે. ઇંદ્રિય સુખો ક્ષણિક અને દુઃખદાયી હોવાની ધર્મપ્રતીતિ કરાવે છે. ઇંદ્રિય સુખો અને દુઃખ એક બીજાની પ્રતિક્રિયારૂપ છે એવું ધર્મથી જ્ઞાન થાય છે. સંસારના આનંદો પરિવર્ત્તનશીલ અને દુઃખદાયી હોવાથી સર્વથા ત્યાજ્ય હોવાની ધર્મ ઘોષણા કરે છે. ધર્મથી સંસારસુખની કૃત્રિમતાનું આબેહુબ નિદર્શન થાય છે. ધર્મથી સત્ય અને પરમ સુખની શાશ્વત્ પ્રાપ્તિ થાય છે. સત્ય સુખ એવું છે જે સંસારનાં સુખથી છેક જુદા પ્રકારનું છે. સત્ય સુખ એટલે સંપૂર્ણ અબાધિત શાન્તિ અને આનંદ. સત્ય સુખ એ જીવનદાયી અમૃતરૂપ છે. સત્ય સુખની સ્થિતિ એટલે પરમ સુખનો અનુભવ. પરમ સુખ એ પરમાત્માનું શાશ્વત્ સ્વરૂપ ( સ્વભાવ ) છે. એ પરમ સુખ ત્યાગ અને આત્મસાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે. ત્યાગ એટલે અસત્ય ધ્યેયો અને ક્ષુદ્ર વસ્તુઓનો ત્યાગ. ખરા ત્યાગથી શાશ્વત જીવન અને આનંદરૂપ સત્ય વસ્તુ ઉપલબ્ધ થાય છે.

સત્ય ત્યાગ અને આત્મસાક્ષાત્કારથી પરમ સુખ કોણે કોણે પ્રાપ્ત કર્યું એ સંબંધી આ ગ્રંથના અંત ભાગમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી ઇંદ્રિય સુખના પરિભોકતાઓની સામાન્ય રીતે શી સ્થિતિ થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો આપણે વિચાર કરીએ. ઇંદ્રિય સુખનો ઉપભોગ કરનાર પરિણામે દુઃખી થાય છે એ સુવિદિત છે. ગ્લાનિ અને તિરસ્કાર એ ઇંદ્રિય સુખના ઉપભોગનાં સાહજિક પરિણામો હોવાથી ઇંદ્રિયસુખ કોઈ કાળે વસ્તુતઃ સુખદાયી હોઇ શકતું નથી. ઇંદ્રિય સુખનો ઉપભોગ કરવાની શક્તિ વય વધતાં ઘટે છે અને વૃદ્ધત્વ પ્રાપ્ત થતાં એ શકિત છેક ઘટી જાય છે. આ રીતે શકિત ઘટવાથી એક પ્રકારની ગ્લાનિ થાય છે જે દુઃખારપદ થઈ પડે છે. એ જ પ્રમાણે ઇંદ્રિયસુખનો વારંવાર ઉપભોગ કરવાથી નૂતનતાનો ભાવ વિનષ્ટ થાય છે. નૂતનતાનો ભાવ વિનષ્ટ થતાં ઇંદ્રિયસુખના સંબંધમાં તિરસ્કાર ભાવ જાગૃત થાય છે જે અત્યંત દુઃખદાયી નીવડે છે. ઇંદ્રિય સુખના સંબંધમાં આવો દુઃખદ અનુભવ સર્વ મનુષ્યોને થાય છે. ઇંદ્રિય સુખથી સંતોષ થયો હોય એવો કોઇપણ મનુષ્ય કદાચ આખીયે દુનીયામાં ન હોય એ બનવાજોગ છે.

ઇંદ્રિય સુખના અનુભવથી મનુષ્યને દુર્દશા પ્રાપ્ત થાય ત્યારે ધર્મ એ જ તેનો તરણ-માર્ગ થઇ શકે છે. ઇંદ્રિય સુખોના પરિભોગથી આત્માની અધઃ-પતનયુકત દશામાં મનુષ્યને ધર્મના સત્ય સિદ્ધાન્તોનો બોધ થતાં તેમજ જીવનને સંયમમય બનાવતાં અત્યંત દુષ્કર લાગે કે ધર્મબોધ અને સંયમી જીવન માટે મનુષ્યને પોતાની અપાત્રતા જણાય એવું સામાન્ય રીતે ઘણીયે વાર બને છે. આવા મનુષ્યો યથાયોગ્ય સંયમી બની શકે તો જ તેમનું ધર્મ-જીવન લાભદાયી, સુખપ્રદ અને કલ્યાણકારી થઇ શકે છે.

ઇંદ્રિય સુખમાં પ્રમત્ત બની ઇંદ્રિય સુખોના જ ઉપભોગમાં ઘણુંખરૂં જીવન વ્યતીત કરનાર ઘણાયે મનુષ્યોને ધર્મસેવનથી સ્વલ્પ લાભ થાય છે. જીવનની ઉત્તર દશામાં જાગૃત થયેલા આવા કેટલાક મનુષ્યોને ધાર્મિક જીવનની વૃત્તિથી કશોયે લાભ નથી થતો એમ પણ બને છે. આનું કારણ એ છે કે પ્રભુત્વનું સર્વોચ્ચ પદ પ્રાપ્ત કરવા માટે કેટલો ભગીરથ પ્રયત્ન આવશ્યક છે તેનો એક વખતના ઇંદ્રિયસુખમાં ચકચૂર મનુષ્યોને ખ્યાલ પણ હોતો નથી. સામાન્ય ભકિતભાવથી પ્રભુપદ પ્રાપ્ત કરવાની ભ્રમણામાં તેઓ રહ્યા કરે છે. ધર્માંધતામાં તેઓ ગોથાં ખાય છે. હાર્દિક ભકિતભાવને અભાવે આત્મિક ઉન્નતિની સાધના તેમનાથી થતી નથી. [ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા !

( ગતાંક પૃષ્ઠ ૨૨ થી શરૂ )

જૈન કોમમાં દરેક દાયકામાં થતા જતા વસ્તીના ઘટાડા માટે સેન્સસ ઓફીસર નીચે મુજબ નોંધ લે છે તે પણ જૈન કોમના નેતાઓનું ધ્યાન ખેંચવા લાયક હોવાથી અત્રે રજુ કરવામાં આવે છે.

"The Jain Community is gradually decreasing in number proportionately to the population of the country as a whole. This is probably due in part to the practice of child marriage and the prohibition of widows re-marriage and partly also to the small size of the community which attracting as it does, no adhegents from outside, can not increase at the same rate, as much larger ones. Dr. Guha suggests with some force that the Jains have a lowered fertility and an increased infant mortality rate on account of their division into small endogamous groups, some of which in Ahmedabad do not exceed 500 Souls. The increase among Jains at this census was 6.2 and the Jain now stands at 0.36·/. of the population of India instead of 0.37·/. of last census and the 0.49 . of 1891."

ઉપર પ્રમાણે સ્થિતિ હોવાથી જૈન નેતાઓ અને તેમના ધર્મોપદેશકોએ પોતાના અનુયાયીઓની કેમ વૃદ્ધિ થાય તે ઉપર ખાસ ધ્યાન આપવાનું છે, અને જે જે ઠેકાણે ધાર્મિક વૃતિની વૃધ્ધીને અંગે ત્રુટીઓ માલુમ પડે તે ઉપર ખાસ કાળજી રાખવાનું કાર્ય ધર્મોપદેશકોનું હોવાથી તે બાબત સુચના કરવાનું યોગ્ય લાગે છે.

ઉપર દર્શાવવામાં આવેલ શહેરમાં વસનારી જૈન પ્રજા તરફનો સૌથી વધારે પ્રમાણના રજુ થતા આંકડાઓ તરફ નજર કરતા ગામડાઓમાં વસનારી જૈન પ્રજા કરતાં, જૈનો શહેરી જીવન ગુજારનાર તરીકે બીજી કોમો કરતાં મોખરે આવે છે અને તેના કારણરૂપે જૈન કોમનું લક્ષ્યબીંદુ વ્યાપારીક દ્રષ્ટિનું હોવાથી શહેરી તરીકે જીવન ગુજારનાર તરીકે આવું મોટું પ્રમાણ હોય તે સંભવિત છે; પરંતુ શહેરી જીવન ગુજારતા-શહેરમાં આવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીચ વસ્તીવાળા ભાગોમાંના રહેઠાણો ખાનપાનમાં પણ તંદુરસ્તીના નિયમોનું બરોબર રીતે પાલન થઇ શકે નહિ તેથી અનિયમિતતા અને શહેરના જીવનની અનેક જાતની લાલચો કે તંદુરસ્તી ઉપર સહેલાઇથી અસર કરી શકે તેવી અગવડતાઓ હોવાથી ગ્રામ્યજીવનના સાદા જીવન અને ખુલ્લી હવાના લાભો ભાગ્યેજ મેળવી શકે છે. આ ઉપરાંત શરૂઆતનું સામાન્ય શિક્ષણ લીધા બાદ જૈન કોમની વસ્તીનો મોટો ભાગ જીવનનિર્વાહની ચિંતામાં પડતો હોવાથી કોમની અંદર ગરીબાઇ અને કંગાળ સ્થિતિ એટલા મોટા પ્રમાણમાં પ્રસરી રહેલ છે કે શ્રીમંત વર્ગ તરફ દૃષ્ટિ કરવા સારૂ (Micro scope સૂક્ષ્મદર્શક યંત્ર જોવાથી મુઠ્ઠીભર શ્રીમંતોનો નાનામાં નાનો વર્ગ આપણી દૃષ્ટિથી ગણુતરીમાં આવી શકશે; પરંતુ ગરીબ વર્ગ એટલી મોટી સંખ્યા ધરાવે છે કે તે તરફ દૃષ્ટિ કરવા સારૂ (Telescope) દૂરદર્શક યંત્રથી જોવાની ખાસ આવશ્યકતા એટલા માટે છે કે જે તરફ નજર કરવાથી જૈન કોમની ગરીબાઇનો ખરેખરો ખ્યાલ આવી શકે; તેટલા જ માટે જૈન કોમના જાહેર હિતમાં રસ લેનાર આગેવાન વર્ગનું ધ્યાન ખેંચવામાં આવે છે અને જૈનોની આવી સ્થિતિ દૂર થાય તે માટે ઇલાજો લેવા જોઇએ એટલું ટૂંકમાં જણાવવાની જરૂર પડે છે.

## જૈન પ્રજાની સંસારિક સ્થિતિનું અવલોકન.

હિંદુસ્તાનમાં જૈનોની કુલ વસ્તી ૧૨૫૧૩૪૦ ની છે, તેમાં ૬૪૪૬૧૧ પુરૂષો અને ૬૦૬૭૨૯ સ્ત્રીઓની વસ્તી છે. કુંવારા પુરૂષોની સંખ્યા ૩૨૪૧૯૮ ની છે એટલે લગભગ ૫૦ ટકા કુંવારા છે અને પરણેલાની સંખ્યા ૨૬૭૫૧૦ ની છે એટલે લગભગ ૪૨ ટકા પરણેલા છે અને વિધુરોની સંખ્યા ૫૨૯૦૩ ની છે એટલે સેંકડે આઠ ટકા વિધુર પુરૂષો છે.

કુંવારા પુરૂષોની સંખ્યા ૩૨૪૧૯૮ ની છે, તેમાં પંદર વરસની અંદરની ઉમરના કુંવારા પુરૂષોની સંખ્યા ૨૨૬૨૩૫ એટલે પંદર વરસની અંદરના ૬૯ ટકા કુંવારા છે.

૨૦ થી ૪૦ વર્ષની ઉમરના કુલ જૈનોની સંખ્યા ૨૦૪૯૯૮ ની છે, તેમાં કુંવારાની સંખ્યા ૪૮૨૮૩ અને વિધુરની સંખ્યા ૧૨૨૧૩ ની છે. એટલે ૨૦ થી ૪૦ વર્ષ સુધીના સેંકડે ૨૪ ટકા કુંવારા અને વિધુરની સંખ્યા ૬ ટકા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ થી ૪૦ ઉમરના પરણેલા છોકરાઓની સંખ્યા ૩૧૨૩૯ ની છે અને કુલ પરણેલાની સંખ્યા ૨૬૭૫૧૦ ની છે એટલે વીસ વર્ષની અંદર પરણેલાની સંખ્યા ૧૧ ટકા આવે છે.

કુલ જૈન સ્ત્રીઓની સંખ્યા ૬૦૬૭૨૯ ની છે, તેમાં કુંવારી બાળિકાની સંખ્યા ૨૦૫૫૪૩ ની છે એટલે સેંકડે ૩૨ ટકા કુંવારી છે અને ૨૬૬૯૪૧ પરણેલી સ્ત્રીઓની સંખ્યા છે એટલે સેંકડે ૪૪ ટકા પરણેલી છે અને વિધવા સ્ત્રીઓની સંખ્યા ૧૩૪૨૪૫ સ્ત્રીઓની છે એટલે લગભગ ૨૨ ટકા વિધવા સ્ત્રીઓ છે.

કુમારિકાઓની સંખ્યા ૨૦૫૫૪૩ ની છે તેમાંથી દશ વર્ષની અંદરની કુમારિકાઓની સંખ્યા ૧૪૮૨૭૭ ની છે, એટલે દશ વર્ષની અંદરની કુમારિકાઓ સેંકડે ૭૨ ટકા છે.

કુલ જૈન પરણેલી સ્ત્રીઓની સંખ્યા ૨૬૬૯૪૧ ની છે તેમાં ૧૫ વર્ષની અંદર પરણેલ બાળિકાઓની સંખ્યા ૨૮૦૨૭ ની છે એટલે ૧૫ વર્ષની અંદરની ઉમરે પરણેલ બાળિકાઓની સંખ્યા સેંકડે ૧૦ ટકા છે.

કુલ જૈન સ્ત્રીઓની સંખ્યા ૬૦૬૭૨૯ ની છે તેમાં વિધવા સ્ત્રીઓની સંખ્યા ૧૩૪૨૪૫ ની છે એટલે સેંકડે ૨૨ ટકા જેટલી જૈન કોમમાં વિધવા સ્ત્રીઓ છે; અને ૨૫ વર્ષની અંદરની વિધવાઓની સંખ્યા ૮૦૦૦ ની છે એટલે સેંકડે ૭ ટકા જેટલી વિધવા છે અને ૨૫ થી ૪૦ વર્ષ સુધી ઉમરની વિધવાઓની સંખ્યા જેમાં 'ઉપરની સંખ્યાનો ઉમેરો કરતા વિધવાની સંખ્યા ૪૨૫૭૬ ની છે એટલે લગભગ ૩૨ ટકા સેંકડે વિધવાઓનું પ્રમાણ આવે છે.

૫૫ વર્ષની ઉપરના પરણેલા માણસો જેઓની સ્ત્રીઓ હૈયાત છે તેમની સંખ્યા ૨૪૯૪૮ ની છે.

૫૫ વર્ષ ઉપરાંતની પરણેલી સ્ત્રીઓ જેઓના ધણીઓ હૈયાત છે તેમની સંખ્યા ૭૨૯૬ ની છે.

હિંદુસ્તાનમાં વસ્તી જૈન કોમની સાંસારિક વસ્તી વિષયક સ્થિતિ જોતાં માલુમ પડે છે કે પુરૂષોની સંખ્યા કરતા ૩૭૮૮૨ સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જન્મ પ્રમાણમાં બાળકો કરતાં વિશેષ પ્રમાણુ બાળિકાઓનું છે. કારણ કે પાંચ વરસની અંદરની બાળિકાઓની સંખ્યા ૧૨૩૫ નો, બાળકોની સંખ્યા પ્રમાણુ કરતાં વધારો બતાવે છે. બાળિકાઓનો જન્મથી જ પથ્થરરૂપે માનનારા મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાપો પાંચ વર્ષની ઉંમરના બાળકોની જેટલી માવજત અને કાળજી કરે છે તેટલી ભાગ્યે જ બાળિકાઓની રાખતા હોય તેમ માલુમ પડે છે, કારણ કે પાંચથી દશ વર્ષ સુધીમાં બાળકોના કરતા બાળિકાઓમાં ૫૦૩૮ નો ઘટાડો જોવામાં આવે છે અને પંદર વર્ષ સુધીમાં ૭૪૯૯ બાળિકાઓનો ઘટાડો માલુમ પડે છે. પુરૂષો કરતા સ્ત્રીઓમાં પાંચથી પંદર વર્ષ સુધીમાં લગભગ ૭૫૦૦ સ્ત્રીઓનો ઘટાડો એમ સૂચવે છે કે પુરૂષો કરતા સ્ત્રીઓનું મરણ પ્રમાણુ આટલી નાની ઉમરમાં વિશેષ પ્રમાણુમાં જોવામાં આવે છે. તેના કારણરૂપે બાળલગ્ન, અપરિપકવ ઉમરે આવતી સુવાવડ અને તેને અંગે યોગ્ય ખાનપાનની ખામીઓ દૃષ્ટિગોચર થાય છે.

કુમારાની સંખ્યા તરફ જોતાં પુરૂષોની સંખ્યા ૩૨૪૧૯૮ ની છે જ્યારે કુમારી સ્ત્રીઓની સંખ્યા ૨૦૫૫૪૩ ની છે જેથી લગભગ ૧૧૮૬૫૫ કુંવારા પુરૂષો પુરૂષોની સંખ્યા વધારે બતાવે છે એટલે તેટલા પુરૂષો લગ્ન વિનાના રહેનારાઓ છે. આમાં વૃદ્ધ ઉંમરે થતાં લગ્નોથી સંખ્યા આગળ વધતી જાય છે. કન્યાઓની અછતને લીધે કેટલેક ઠેકાણે કુમારાઓની સંખ્યા મોટા પ્રમાણુમાં રહેવાથી અનેક જાતના દુરાચારને ઉત્તેજન મળવા ઉપરાંત, ફેલાવો થવા સંભવ છે.

વિધુર અને વિધવાઓની સંખ્યાના આંકડાઓ જોતાં વિધુરની સંખ્યા ૫૨૯૦૩ ની છે જ્યારે વિધવા સ્ત્રીઓની સંખ્યા ૧૩૪૨૪૫ ની છે જે જૈન કોમની સ્ત્રીઓનો ચોથો ભાગ છે. વિધુર કરતાં વિધવાઓની સંખ્યા ૮૧૩૪૨ વધારે બતાવે છે. વિધુરની સંખ્યા તદ્દન ઓછી હોય તેનું કારણુ તેઓ ફરીથી એક, બે અથવા ત્રણ વાર અથવા ગમે તેટલી વખત પરણી શકે છે જ્યારે વિધવા સ્ત્રીઓની જીવનની દશા બહુ જ દિલગીરી ઉત્પન્ન કરે તેવી છે.

આપણી કોમમાં બાળલગ્ન હોવાનું કારણુ એ ઉપરથી માલુમ પડે છે કે વસ્તીપત્રક ઉપરથી પાંચ વર્ષની ઉમરની ૧૪૩ વિધવાઓ, દશ વર્ષની ૨૯૮ અને પંદર વર્ષની ઉમરના ૬૪૩ ના આંકડાઓ જે જોવામાં આવે છે તે આવત નહિ.

આ પ્રમાણે વિવાહિત સ્ત્રી પુરૂષોના આંકડાઓ જોતા પણુ માલુમ પડશે કે વૃદ્ધ અને મેળ વિનાના થતા અઘટીત લગ્નોમાં સુધારો કરવાનો ઘણોજ અવકાશ છે. [ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉજ્જ્વલ-પ્રભાત.

( ચાલ-જાગ મુઝ વ્હાલા બાળ. )

( ૧ )

આજનું પ્રભાત ભ્રાત ! દીવ્ય દર્શિ દીસે,
મંગળમય વિવિધ રંગી જોને આ વિશેષે;

( ૨ )

આગાહી આ વર્ષની જણાય છે અનોખી,
અજબ આનંદ સાથ સુંદરતા બતાવે ચોખ્ખી.

( ૩ )

ભેદભાવ ભૂલી ભવ્ય ! ઐકયતા જમાવો,
" સત્ય ધર્મનું " રહસ્ય નમ્ર થઇ બતાવો;

( ૪ )

" સક્રિય સન્દેશ ઝીલો રાષ્ટ્રનો સપ્રેમે "
અહિંસા છે મુખ્ય તેહમાં પીછાનો નેમે.

( ૫ )

" શ્રદ્ધા સાચી પૂર્ણ પ્રભુ પર લગાવો રંગે, "
અનુગામી બની સાધ્ય સિદ્ધ કરીએ સહુ ઉમંગે;

( ૬ )

સાલ મુબારક આજ નવીન વર્ષની સહર્ષે,
ફલશે ઇચ્છિત સકલ " આત્માનંદ " થી પ્રકર્ષે.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

( લે—રા. સુશીલ. )

'આયાગપટ' એ શું છે ?—

મથુરાના ટીલામાંથી મળી આવેલાં જૈન અવશેષો, અતિ પ્રાચીન હોવાનું ઈતિહાસશાસ્ત્રીઓએ મુક્તકંઠે સ્વીકાર્યું છે. જૈન સંસ્કૃતિ અને જૈન ઇતિહાસ ઉપર એ અવશેષોએ જે પ્રકાશનાં કિરણ ફેંક્યાં છે તેની કીમત આંકવી મુશ્કેલ છે. શ્રી કલ્પસૂત્રમાં જે ગણ, શાખા, કુલ વિગેરેના ઉલ્લેખ છે તે સંબંધી વધુ સ્પષ્ટ માહિતી આ અવશેષોમાંથી મળે છે.

આ અવશેષોમાં, મૂર્ત્તિઓ કે પ્રતિમાઓ ઉપરાંત કેટલાક 'આયાગપટ' હોવાનું કહેવામાં આવે છે. આયાગપટ એટલે સિદ્ધચક્ર એવો એનો સામાન્ય અર્થ કરવામાં આવ્યો છે. સિદ્ધચક્ર, બહુ પ્રચલિત હોવા છતાં એની ઉપર શાક્ત-સંપ્રદાયની છાયા ઉતરી હોય એમ લાગે છે. આયાગપટ એ આપણી પોતાની પ્રાચીન વસ્તુ છે. વખત જતાં એ આયાગપટમાં ઘણા સુધારા-વધારા થયા હોય અને એને સિદ્ધચક્રનું નામ મળ્યું હોય એ સંભવિત છે. ડો. ટોમસે, પોતાના એક નિબંધમાં આ આયાગપટ વિષે થોડું વિવેચન કર્યું છે. એમના કહેવા પ્રમાણે ડો. ભાંડારકર અને ડો. બરજેસે આ વિષે પોતાના વિચાર બ્હાર પાડ્યા હતા; પરંતુ જૈન સમાજના વિદ્વાનોએ આયાગપટનો આખો ઇતિહાસ હજી ઉકેલ્યો નથી. શિલ્પ અને જીવનને એક સમયે ઘણો નજીકનો સંબંધ હતો. સાહિત્યમાં જે અસ્પષ્ટ હતું તે શિલ્પની સહાયથી સ્પષ્ટ થવાનુ આપણે જાણીએ છીએ.

આયાગપટ ઉપરાંત મથુરાના ઐતિહાસિક અવશેષોમાં દેવી આર્યવતીનું એક નવું જ નામ લાધે છે. આ દેવી વિષે જૈન સાહિત્યમાં કયાંઇ ઉલ્લેખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ? વાચક અને શ્રાદ્ધાચાર જેવા પદોનો પણ અહીં ઘણી વાર ઉપયોગ થયો છે. એનો સામાન્ય અર્થ કરવામાં આવ્યો છે, પરંતુ આયાગપટની જેમ એનો સંપૂર્ણ ઇતિહાસ હજી સુધી આપણે મેળવી શકયા નથી.

જૈન શાસ્ત્ર અને સાહિત્યના અભ્યાસીઓ એ વિષે વધુ પ્રકાશ આપે એવી આશા રાખીએ.

**મહારાજજી મહત્તાને પાછળ ધકેલે છે !**

સંકુચિત ક્ષેત્રમાં વિચરતા, કેવળ શ્રદ્ધાળુઓના જ સહવાસ સેવતા અને નિરંતર પોતાની મહત્તાનાં ગીત સાંભળતા ત્યાગીઓ પણ ક્રમે ક્રમે પોતાને મહાન્ અથવા સર્વશ્રેષ્ઠ માનતા થઇ જાય છે. ત્યાગ કે પાંડિત્યનો પોતાને–એકલાને જ ઇજારો મળી ગયો હોય અને બાકીના બધા સામાન્ય કોટીના માણસો હોય એ પ્રકારનો એમનો ભ્રમ થઇ આવે છે.

અંચળગચ્છના મુનિ શ્રી હેમસાગરજી, એ દિવસોમાં, વળામાં હતા અને એમને પણ કઇંક ઉપર કહ્યો તેવો જ ભ્રમ થઇ આવ્યો હતો. તેઓ પોતાને જંગમ જુગપ્રધાન માનતા–મનાવતા. બીજી રીતે તો તેઓ બહુ સરળ અને વ્રતધારી હતા, પણ કોણ જાણે કેમ એમના મનમાં પોતે કલ્પેલી મહત્તાનું ભૂત ભરાયું હતું.

" હું જંગમ જુગપ્રધાન છું. મારી આજ્ઞાથી જ આત્મારામજી પંજાબમાં વિચરે છે, શ્રી વૃદ્ધિચંદ્રજીને પણ મેં જ કાઠિયાવાડની આજ્ઞા આપી છે. શ્રી મૂલચંદજી પણ મારી જ આજ્ઞા પાળે છે." આવું આવું તો એ ઘણીવાર બોલી નાખતા.

વળામાં મહારાજ શ્રી આત્મારામજી મહારાજના સ્વાગતની તૈયારીઓ થવા લાગી. સ્થાનિક શ્રી સંઘે ખૂબ ધામધૂમથી એમનું સામૈયું કરવાનો નિરધાર કર્યો.

જંગમ જુગપ્રધાન પણ એ સામૈયામાં સામેલ થયા. એમણે બીજા સાધુઓને સંબોધી કહ્યું: " મને તમારી સૌને મોખરે ચાલવા દો, કારણ કે હું જંગમ જુગપ્રધાન છું. તમારે મારો વિનય પાળવો જોઇએ. "

આ વાતની સ્વ. આત્મારામજી મહારાજને ખબર પડી. એમણે તો કુતુહળપૂર્વક એ હકીકત સાંભળી લીધી. એ પોતે એટલા તો મહાન્ હતા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમને પોતાની મહત્તા સમજાતી જ નહીં. સાચી મહત્તા કોઇ દિવસ પોતાનું મૂલ્ય નથી માગતી.

" ભલે, જંગમ જુગપ્રધાન આપણી સૌની આગળ ચાલે. " શ્રી આત્મારામજી મહારાજે નિર્ણય આપ્યો.

આગળ ચાલવા માત્રથી જ જો કોઇને સંતોષ થતો હોય તો શા સારૂ આપણે એને એટલો સંતોષ ન આપવો ? આગળ ચાલવા માત્રથી એ આપણું કંઈ થોડું જ લઈ જાય છે ? કોઈના જીવને શાતા પહોંચતી હોય અને એમાં આપણને કશું ગુમાવવાપણું ન હોય તો એ બાબતમાં નકામો આગ્રહ શા માટે રાખવો ?

આત્મારામજી મહારાજ, જેમની કીર્ત્તિ ખૂણે ખૂણામાં ફેલાઈ ચૂકી હતી, તેઓ નિરભિમાનપણે, જંગમ જુગપ્રધાનને મોખરે રાખી, એમની પાછળ પાછળ ચાલ્યા. પ્રતિષ્ઠા કે મહત્તાને માણસ જેમ ઠોકરે મારે તેમ તેમ તો તે પાછળ ઘસડાતી આવે. અહીં પણ એમજ બન્યું. આત્મારામજી મહારાજની સરળતા, નમ્રતા અને ઉદારતાની સૌ કોઇ પ્રશંસા કરવા લાગ્યા.

જંગમ જુગપ્રધાન જેવું અભિમાન ધરાવતા, તેવું જ અભિમાન ધરાવતા કોઇ પુરૂષ એમને મળ્યા હોત તો કેટલો વિક્ષેપ અથવા સંક્ષોભ થવા પામત ? કેટકેટલા વિક્ષેપો અને કલેશો આ રીતે જન્મીને વૃદ્ધિ પામતા હશે ?

મહત્તાની જીવંત મૂર્ત્તિ જેવા પુરૂષો, વખત આવ્યે પોતાની મહત્તાને પણ પોતાની પાછળ ધકેલી દે છે અને જેમ જેમ એ પાછી ધકેલાય છે તેમ તેમ તે પ્રત્યાઘાત પામી પાછી પાંચ-પચીસ કદમ જેટલી આગળ જઇને ઉભી રહે છે. સ્વ. આત્મારામજી મહારાજની મહત્તા અને કીર્ત્તિનું આ પણ એક ગૂઢ રહસ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૪૪ થી શરૂ. )

## મથુરા.

ઉત્તમ ભારતની પ્રાચીન જૈન નગરી છે. જૈન ધર્મ ગ્રંથોમાં–આગમો અને બીજા ગ્રંથોમાં આ નગરીનો ઇતિહાસ સુવર્ણાક્ષરે આલેખાયેલ છે. **શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો પ્રાચીન** સ્તૂપ અહીં હતો. બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનની બાલજીવનની પ્રિયક્રીડાભૂમિ છે. નવમા વાસુદેવ અને ભાવી તીર્થંકર શ્રીકૃષ્ણજીની તો આ જન્મભૂમિ છે તેમજ તેમની વિલાસ અને લીલાભૂમિ પણ છે. બાલબ્રહ્મચારિણી શ્રી રાજેમતીજી અત્રે જ જન્મ્યાં હતાં. ભગવાન પાર્શ્વનાથજી અત્રે પધાર્યા હતા અને તે સ્થાને શાસનદેવીએ સ્તૂપ પણ બનાવ્યો હતો. ભગવાન્ મહાવીર દેવ પણ અત્રે પધાર્યા હતા. અન્તિમ કેવળી શ્રી જંબુસ્વામીની સુધાસ્યંદિની અન્તિમ દેશના તથા નિર્વાણ આ ભૂમિમાંજ થયું હતું; તેમજ વર્તમાનકાલીન આગમોનું–વીરવાણીનું વાંચન અને પુસ્તક ઉપર આલેખન પણ અહીં જ થયું હતું, જે માથુરી વાંચના નામે પ્રસિદ્ધ છે. આ સિવાય એક બીજો પણ પુરાવો છે. મથુરામાં અત્યારના શ્વે. મંદિરથી લગભગ માઇલ સવા–માઇલ દૂર એક ચોરાશી મંદિર છે, આ સ્થાને શ્રી જંબૂસ્વામી નિર્વાણ મનાય છે અને તેમની પાદુકા પણ છે. અહીં ચોરાશી આગમ જૈન શાસ્ત્રો લખાયાં તેથી આ સ્થાનને **ચોરાશી** મંદિર કહે છે. જે જંબુસ્વામિની પાદુકા છે તે શ્વેતાંબર આચાર્ય પ્રતિષ્ઠિત છે, તેમાં ઉ. હર્ષવર્દ્ધનનું નામ વંચાતું હતું. દિ. ભાઇઓએ લેખ કોતરી નાંખ્યો છે પરન્તુ તેટલું નામ વંચાતું હતું તેમજ આ પાદુકાની પાછળ દિ. જૈનોએ નવી મૂર્તિ બેસાડી આ મંદિરને દિગંબર બનાવવા ભરચક પ્રયત્ન કર્યો છે; પરન્તુ તેમાંની કૃત્રિમતા છુપી નથી રહી શકી. શ્રી જંબૂસ્વામિની પાદુકા પાછળ ભમતીમાં શ્વે. મૂર્તિ છે, તેમજ ત્યાં એક શ્વેતાંબર શ્રીમાને બંધાવેલી ધર્મશાળા પણ છે; પરન્તુ અત્યારે વહીવટ દિ. જૈનોના હાથમાં છે ત્યાં એક ઋષભ બ્રહ્મચર્યાશ્રમ પણ ચાલે છે. દિગંબરોની તીર્થરક્ષક કમીટીની સ્થાપના અહીંજ થયેલી અને શ્વેતાંબર તીર્થોમાં હિસ્સો પડાવવાનો ઠરાવ અહીં જ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મથુરાનો કંકાલી ટીલો** બહુ જ પ્રસિદ્ધ છે. અહીં સેંકડો જિનમંદિર હતા. મથુરામાં પાંચશે જિનમંદિર હોવાનો ઉલ્લેખ મળે છે. શ્રી હીરસૂરિજીએ અહીં સેંકડો [1]સ્તૂપોને નમસ્કાર કર્યાનો ઉલ્લેખ હીરસૌભાગ્ય આદિમાં મળે છે. તેમજ પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથની પ્રતિમાને વંદન કર્યાનું પણ મળે છે કંકાલી ટીલાનું ખોદાણકામ વિધિપૂર્વક ન થયું જેથી મંદિરો આદિ અખંડ ન નીકળી શકયાં, નહિ તો નાલંદાના બૌદ્ધ વિહારોની માફક અહીંથી જૈન-વિહારો, મંદિરો નીકળત. અહીંથી નિકળેલ મૂર્ત્તિઓ, મંદિરના શિખરો, તોરણો ખંભા, સિંહાસનો, આયાગપટો આદિ ઘણું લખનૌના મ્યુઝીયમમાં છે તેમાંથી થોડું મથુરાના મ્યુઝીયમમાં પણ છે.

મથુરાના મ્યુઝીયમ અને લખનૌના મ્યુઝીયમ જોયા પછી અમારો દૃઢ મત એમ જ થયો છે કે અહીં બધું શ્વેતાંબર જ હતું. કેટલીક મૂર્તિઓ એવી છે કે જે સમયે શ્વે. દિ. ઝઘડા ન હતા તેમજ તેમાંથી નીકળેલા શિલા-લેખોમાં જે ગુરૂ પટાવલી મળે છે, તે નંદિસૂત્ર અને કલ્પસૂત્રની સ્થવિરાવલીને મળતી છે; તેમજ **હરિણગમેષી દેવે ભગવાન મહાવીરનું અપહરણ કર્યું તેનું ચિત્ર આમલકી ક્રીડાનું ચિત્ર** વગેરે એવાં ઘણાં પ્રમાણો છે કે શ્વેતાંબરત્વ સિદ્ધ અહીં આ સ્થાન નથી. વિશેષ માટે મથુરા સંબંધી સ્વતંત્ર લેખમાં જ ઉલ્લેખ કરીશ. મ્યુઝીયમમાં એક ૧૪૧૨ ની સાલની પાદુકા સ્તૂપ સહિત મળેલ છે.

જૈન સાધુઓ વિહાર કયાં કયાં કરે તેના ઉલ્લેખમાં ઓઘનિર્યુક્તિમાં લખ્યું છે કે " ચક્કે થુભે **પડિમાજમ્મણ નિકખમ્મણ નાણનિંવાણે સંખં-ડિવિહાર** આહાર ઉવહિતહદંસણટ્ઠાએ.

---

૧ જગદ્ગુરૂ શ્રી હીરવિજય સૂરીશ્વરજી મથુરાજી આવ્યા ત્યારે ૫૨૭ સ્તુપ હતા જુઓ હીર સૌભાગ્ય કાવ્ય સર્ગ ૧૪ શ્લોક ૨૫૦

જમ્બુ પ્રભવ મુખ્યાનાં મુનિ નામિહ સ પ્રભુઃ

અસપ્તવિંશતિ પંચશતીં સ્તૂપાન્ પ્રણેમિવાન

ટીકાકારે ખુલાસામાં પ્રભવાદિ પાંચશો ચોર જંબુસ્વામિ તેમના માતપિતા આઠ સ્ત્રીઓ અને તેમનાં માતપિતા એમ કુલ પાંચસોને સત્યાવીશ ગણાવેલ છે.

૨૪૯ મા શ્લોકમાં ત્યાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથની પ્રતિમાને વંદન કર્યાનો ઉલ્લેખ છે. સુપ્રસિદ્ધ અઢાર નાતરાંનો પ્રસંગ પણ આંજ મથુરામાં બન્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં થુભેનો ખુલાસો કરતાં ટીકાકાર લખે છે " स्तूपो मथुरायां " આ ઉપરથી આત્રી થશે કે મથુરા જૈનો માટે કેટલું મહત્ત્વનું તીર્થ સ્થાન છે (ઓઘ નિર્યુક્તિ પૃ. ૬૦ વિવિધ તીર્થકલ્પમાં પણ મથુરાનું રસિક વિસ્તૃત વિવેચન છે ઇતિહાસ છે. સુપ્રસિદ્ધ અઢાર નાતરાનો પ્રસંગ પણ આ જ મથુરામાં બન્યો છે.

હાલમાં અહીં એક પણ શ્વે. જૈનનું ઘર નથી, જ્યાં બબે હજાર સાધુઓ રહેતા અને સેંકડો જિનમંદિર હતાં ત્યાં હજારો જૈનો વસતા હશે. ઉત્તરાપથની જૈનપુરી કહેવાતી આ નગરીમાં આજે ઘણો ફેરફાર થઈ ગયો છે. બહારથી વ્યાપાર અર્થે આવેલા ૩-૪ શ્વે. ઘર છે. દિગંબર વસ્તી છે પણ શ્વે. ને પોતાની ધર્મશાળામાં ઉતરવા ન દીધા. વૈષ્ણવ ધર્મશાળામાં સન્માન-પૂર્વક સ્થાન મળ્યું.

**અહીં ઘીયામંડીમાં એક શ્વેતાંબર સુંદર જિનમંદિર થયું છે.** બહુ જીર્ણ થવાથી આગ્રાના **શ્રી શ્વેતાંબર સંઘે** જીર્ણોદ્ધાર કરાવી સુંદર મંદિર બનાવરાવ્યું છે. બે વર્ષથી તેની પ્રતિષ્ઠા નહોતી થતી એટલે ગયે વર્ષે ૧૯૮૮ માં પૂ. પા. ગુરૂદેવ શ્રી દર્શનવિજયજી મ. ના ઉપદેશથી ખુબ ધામ-ધુમ ઉત્સવપૂર્વક ત્યાં પ્રતિષ્ઠા કરાવી છે થઈ છે. અમે ત્યાં ગયા હતા અને પ્રતિષ્ઠા કરાવી હતી. મંદિરની પાસે જ થોડી જગ્યા છે તેનો ધર્મશાળા તરીકે ઉપયોગ થાય છે, પરન્તુ તેમાં આશાતનાનો ભય છે, માટે કોઈ શ્વે. દાનવીર જૈન એક નાની ધર્મશાળા બંધાવી આપે તો ઘણો લાભ થાય તેમ છે. શ્રાવ-કોએ સ્ટેશનથી સિદ્ધા ઘીયામંડી શ્વેતાંબર મંદિરમાં આવવું સ્ટેશનથી માઇલ દૂર છે. આગ્રાથી મોટરદ્વારા પણ અવાય છે.

અત્યારે તો જૈનો કરતાં વૈષ્ણવોના તીર્થધામ તરીકે-મથુરા વૃન્દાવનની ઘણી ખ્યાતિ છે. ત્યાં વૈષ્ણવોનાં પણ સેંકડો મંદિરો છે. વૃન્દાવનમાં પણ એમજ છે. એક ઘર શ્વેતાંબર છે. દિ. જૈનો છે તેમનું મંદિર અને ધર્મશાળા પણ છે. ત્યાં સાધુઓને યાત્રીઓને ઉતરવા દે છે. મથુરાનું મ્યુઝીયમ અને કંકાલી ટીલો ખાસ દરેક જૈનો જૂએ.

અહીં પ્રતિષ્ઠા કરાવી આગ્રાના શ્રી સંઘના આગ્રહથી અમે પુનઃ આગ્રા ચોમાસા અર્થે ગયા. અહીં **પટ્ટાવલી સમુચ્ચય** ઐતિહાસિક ગ્રંથ છપાઇને તૈયાર થઇ પ્રકાશિત થયો છે.

આગ્રાથી વિહાર કરી ફત્તેહપુરસીક્રી ગયા. આગ્રાથી ૨૩-૨૪ માઇલ દૂર છે. અહીં મોગલસમ્રાટ અકબરે પોતાના જીવનનો ઘણો ભાગ વ્યતીત કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય શ્રી હીરસૂરિજી સમ્રાટ અકબરને અહીં જ મળ્યા હતા. ઉપદેશ આપી અહિંસાનાં અમૃત પાન પાયાં હતાં. [1]હીરસૂરિજી મહારાજે અહિં પ્રતિષ્ઠા પણ કરાવી હતી. છ માસની મહાન્ તપસ્યા કરનાર ચંપાબાઇ પણ અહિંનાં જ હતાં. અહિં શ્રીમાન્ અને ધીમાન્ જૈનો વસતા હતા. [2]આ જ તેમાંનું કાંઇ નથી. એક પણ જૈનનું ઘર નથી, એક પણ મંદિર નથી. અહીંથી મૂર્તિઓ આગ્રાના ચિન્તામણી પાર્શ્વનાથના મંદિરમાં આવી છે, તેમ ફત્તેહપુરથી દૂર નહેરના કિનારે એક જૈનમૂર્તિ ઉભી છે.

અત્યારે અહીં અકબરનો પુરાણો કિલ્લો છે. વિશાલ રાજમહેલ છે. અનેક બેગમોના પણ મહેલો છે. કારીગરી અને રચના જોવા જેવાં છે. આમાં આચાર્ય શ્રી હીરસૂરિજીનો ઉપાશ્રય છે. જ્યાં શ્રી હીરવિજયસૂરિજી રહ્યા હતા તે સ્થાન અત્યારે પણ સારી હાલતમાં છે. ત્યાં વ્યાખ્યાન હોલ છે. કોતરણીમાં કલશ છે, અષ્ટ મંગલિક છે અને છ લેશ્યાનું મનોહર ચિત્ર પથ્થર ઉપર કોતરેલું છે. આ બધું અમે જોઈ આવ્યા. ઘણી શોધખોળ પછી જ આ સ્થાન હાથ આવ્યું હતું. અકબરનો એક ડાંડીઓ મહેલ, તેમના ગુરૂની કબરનું છીપનું બારીક કોતરકામ આદિ ઘણું જોવા જેવું છે. સુપ્રસિદ્ધ ડાબર સરોવર કે જ્યાં હજારો માછલા મરતાં અને હીરસૂરિજી મહારાજ અને શાંતિચંદ્રજી આદિના ઉપદેશથી તે સ્થાનમાં શિકારની મનાઈ થઇ હતી તે પણ જોયું. અત્યારે તો ધૂળ ઉડે છે બાકી ચોમાસામાં પાણી ભરાય છે. અહા ! કયાં એ શ્રી હીરસૂરિજીના સમયનું ફત્તેહપુર સીક્રી અને કયાં અત્યારનું જીર્ણ-શીર્ણ શ્રીહીન ફતેહપુર સીક્રીનું રણક્ષેત્ર પણ અહીં જ છે.

ફત્તેપુરથી વિહાર કરી અમે ભરતપુર આવ્યા. (ચાલુ).

---

૧ આ પ્રતિષ્ઠા થાનસિંહે કરાવી હતી તેમજ આ મહાન્ પ્રતિષ્ઠા ઉત્સવમાં શાંતિચંદ્રજીને ઉપાધ્યાય પદ આપ્યું હતું. દુર્જનમલ્લે પણ હીરસૂરિના હાથથી અહિં પ્રતિષ્ઠા કરાવી હતી. વિશેષમાં માટે જૂઓ હીરસૌભાગ્ય સર્ગ-૧૪-

૨ ફત્તેહપુર સીક્રીનો શ્રીસંઘ તે વખતે સારી જાહોજલાલી ભોગવતો હતો. થાનસીંગ અને અમીપાલ જેવા રાજ્યમાન્ય, મહાજનમુખ્ય જૈનો હતા. હીરસૂરિજીનો ભવ્ય પ્રવેશોત્સવ હીરસૌભાગયમાં વાંચતાં જૈનનો વૈભવ, ગોરવ, ધર્મપ્રેમ, ગુરૂપ્રેમ આદિ સ્પષ્ટ ઝલકે છે. આ માટે જુઓ હીરસૌભાગ્ય સર્ગ ૧૩ શ્લોક ૫૩ થી ૯૦ સુધી. ખાસ વર્ણન વાંચવા જેવું છે, તેમજ અકબર બાદશાહે આપેલ પુસ્તક ભંડાર પણ હીરસૂરિજીએ થાનસિંહને અહિં જ અર્પ્યો હતો અને તે ભંડાર અહીં જ રાખ્યો હતો. જુવો હીરસૌભાગ્ય-સર્ગ ૧૪ શ્લોક ૧૨૭-૧૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લિચ્છવિ જાતિ.

( પૃષ્ઠ ૬૮ થી ૭૩ )

## ગુપ્ત અને લિચ્છવીનો સંબંધ.

ડૉ. ફ્લીટે સંશોધેલા કેટલાક શીલાલેખોના આધારે ગુપ્ત અને લિચ્છવિઓ વચ્ચેનો સંબંધ સમજી શકાય છે. તે કહે છે ગુપ્તવંશીય પ્રથમ ચંદ્રગુપ્તની સાથે લિચ્છવિ કન્યા–લિચ્છવિ રાજકન્યા–કુમારદેવીનો જે લગ્ન–સંબંધ બંધાયો હતો તે જ એમ બતાવે છે કે ગુપ્ત અને લિચ્છવિ વચ્ચે સારો સ્નેહ હતો. લિચ્છવિ સાથેના લગ્ન–સંબંધમાં ગુપ્તો પોતાને અહોભાગી માનતા. ગુપ્તકાળમાં લિચ્છવીઓ ગુપ્ત જેટલા જ શક્તિશાલી અને પ્રતાપી હોવા જોઈએ. ગુપ્તો લિચ્છવીઓ સાથેના લગ્ન સંબંધમાં ગૌરવ માનતા એ વાત બે રીતે સિદ્ધ થઈ શકે છે. એક તો ચંદ્રગુપ્તે પોતાની સુવર્ણમુદ્રામાં કુમારદેવી અને તેના પિતાના વંશનો ખાસ ઉલ્લેખ કર્યો છે. બીજું જ્યાં જ્યાં ગુપ્તવંશની વંશવેલી શીલાલેખોમાં કોતરાવી છે ત્યાં ત્યાં સમુદ્રગુપ્તનો લિચ્છવીઓના ભાણેજ તરિકે પરિચય આપ્યો છે.

ફ્લીટ તો એટલે સુધી માને છે કે ગુપ્ત સંવત ઘણું કરીને લિચ્છવીઓનો જ સંવત હોવો જોઈએ. લિચ્છવીઓએ જ્યારે ગણતંત્રનું વિસર્જન કર્યું અને એને સ્થાને રાજતંત્રની સ્થાપના કરી ત્યારથી અથવા તો નેપાલી લિચ્છવીઓનો પ્રથમ રાજા જયદેવ ગાદી ઉપર બેઠો, ત્યારથી એ સંવતની શરૂઆત થઇ હશે. ઇ. સ. ૩૩૦ થી ૩૫૫ સુધીમાં પ્રથમ જયદેવે નેપાલમાં રાજવંશની સ્થાપના કરી હતી. જયદેવના વંશજો બ્રાહ્મણધર્મ પ્રત્યે વળ્યા હોય એમ દેખાય છે.

એટલે કે શિશુનાગ અને મૌર્યોના સમયમાં લિચ્છવીઓનો જે પ્રભાવ અને પ્રતિષ્ઠા હતાં, તે ગુપ્તોના સમયમાં જેને હિન્દુધર્મના પુનરૂદ્ધારનો સમય કહેવામાં આવે છે તે સમયે પણ બરાબર જળવાઈ રહ્યાં હતાં. ગુપ્તકાળમાં પૂર્વભારતના ક્ષત્રિયોમાં લિચ્છવીઓની ગણના શ્રેષ્ઠ અને સન્માનનીય ક્ષત્રિય વંશમાં થતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લિચ્છવીઃ ટીબેટ સાથેનો સંબંધ.

લિચ્છવીઓનો ટીબેટીઓ તેમજ ઇરાનીઓ સાથે લોહીનો સંબંધ હોવાનું કેટલાકો કહે છે. એ વિષયમાં ડો. વીનસેંટ સ્મીથ અને શ્રી સતીશચંદ્ર વિદ્યાભુષણના કથન વિચારવા યોગ્ય છે.

ડો. સ્મીથ ટીબેટીઓ સાથે લિચ્છવીઓનો સીધો સંબંધ હોવાનું માને છે અને એના સમર્થનમાં બે હેતુઓ આપે છે, એક તો લિચ્છવિઓ અને ટીબેટીઓની રહેણીકહેણીમાં કેટલુંક સામ્ય દેખાય છે અને બીજું એ કે ટીબેટીઓની જેમ લિચ્છવીઓ પણ મૃતદેહનો અગ્નિસંસ્કાર નથી કરતા. શબને ખુલ્લા મેદાનમાં મુકી દે છે. જંગલી જનાવરો આવીને એ ખાઇ જાય છે.

Romantic Legend of Sakya Buddha નામના ગ્રંથમાં બીલે લિચ્છવીઓના શબ સંસ્કાર વિષે વર્ણન કર્યું છે. એ ગ્રંથ ચીની સાહિત્યને આધારે યોજાયો છે એમાં આવી મતલબનો એક ઉલ્લેખ છે.

વૈશાલીના એક સ્મશાનમાં બોધિસત્ત્વે જઇને ઋષિઓને કેટલાક પ્રશ્નો પુછયા તે પ્રશ્નના ઉત્તરમાં એક એવો ઉત્તર પણ મળ્યો કે અહીંઆ કેટલાક મનુષ્યોના શબ પક્ષીઓના આહાર માટે સંઘરી રાખવામાં આવે છે અને અહીં સામે જ હાડકાનો એક મોટો ઢગલો પડયો છે. મૃતદેહને ઝાડ સાથે પણ બાંધવામાં આવે છે. નાતવાળાઓએ જો કોઇને પ્રાણદંડ દીધો હોય તો એ માણસ પાછો જીવતો ન થાય એટલા સારૂં એને ભુમિમાં ખાડો ખોદીને દાટી દેવામાં આવે છે. કેટલાક શબ યતનપૂર્વક જાળવી રાખવામાં આવે છે. રખેને એ જીવતા થાય અને પાછા પોતાના ઘેર જાય એવી આશા રખાય છે.

ઉપરોકત વિવેચનના આધારે ડો. સ્મીથ કહે છે કે વર્ણનમાં અસ્પષ્ટતા તો જરૂર છે, છતાં એટલું સિદ્ધ થાય છે કે વૈશાલીવાસીઓ કોઇ વાર શબને ખુલ્લા મેદાનમાં મુકી આવતા, કોઇ વાર અગ્નિસંસ્કાર કરતા, કોઇ વાર દાટતા અને ભારતવર્ષના ઐતિહાસિક યુગ પહેલાનાં જે થોડા અવશેષો મળી આવે છે તે ઉપરથી એમ લાગે છે કે પહેલા હિંદુસ્તાનમાં મૃતદેહ સંસ્કારની એક નહીં પણ ઘણી જુદી જુદી રીતો હતી. લિચ્છવીઓની અને ટીબેટીઓની રીતિમાં સામ્યતા દેખાવાથી એ બન્નેને વિષે લોહીનો–જ્ઞાતિનો સંબંધ હોવો જોઈએ એવું એમણે એક અનુમાન ઉપજાવી કાઢયું; પણ એકલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ–સંસ્કારને અંગે એનો અનુમાન સંપૂર્ણ કે નિર્દોષ ન હોઇ શકે, ખરૂં કહીએ તો ટીબેટ જેટલે આઘે જવાની શી જરૂર છે? વૈદિક આર્યોમાં પણ એવા જ પ્રકારનો રીવાજ જ કયાં ન્હોતો? અથર્વવેદમાં ખુલ્લું લખ્યું છે કે "ये निखाता ये परोप्ता ये दग्धा ये चोद्धिताः सर्वांस्तान्न आवह पित्रिन् हविषे अत्तवे–" લિચ્છવીઓ એ રૂઢીને વળગી રહ્યા હતા. " પ્રો. વ્હીટનીએ ઉદ્દિધતા શબ્દનો અર્થ ઉંચી જગ્યાએ શબને રાખી મૂકવું" એવો કર્યો છે. આપસ્તંબનું પ્રમાણ ઉતારી એ અધ્યાપક કહે છે કે એ કાળે ત્રણ પ્રકારે શબની રક્ષા કરવામાં આવતીઃ પરોપ્તાઃ, ઉદ્દિધતાઃ નિખાતાઃ એટલે કે શબને ઉચ્ચ સ્થાને રાખવું અને દાટવું એવી બન્ને રૂઢીઓ હતી. ઝીમર સાહેબ પોતાના Altindisches Lebenનામના પુસ્તકમાં કહે છે ઉદ્દિધતાઃ શબ્દની જુદી વ્યાખ્યા આપે છે. એ ઉમેરે છે કે ઈરાનીઓ પશુઓને સારૂં મૃતદેહને મૂકી જતા. તે રૂઢીની સાથે ભારતવર્ષની આ રૂઢી બહુ મળતી આવે છે. વૈદિક સાહિત્યમાં મૃતદેહના છેલ્લા સંસ્કાર વિષે ઘણી પદ્ધત્તિઓનો ઉલ્લેખ છે. એમાં અગ્નિ સંસ્કાર પણ આવી જાય છે. જુદા જુદા પ્રદેશમાંજુદી જાતિઓમાં જુદી જુદી રૂઢીઓ પણ એ વખતે પ્રચલિત હતી. વૈદિક આર્યોમાં પણ મૃતદેહને મેદાનમાં ખુલ્લો મૂકી દેવાની પ્રથા હતી અને એ આર્યોની જ એક શાખા ઇરાનમાં ગયેલી હોય એ સંભવિત છે. ટીબેટની પ્રથા ભારતવર્ષમાં આવી એમ કહેવાને બદલે આર્યોની પ્રથા ટીબેટમાં ગઈ હોય એમ કહેવું વધુ ઠીક લાગે છે.

રહેણી–કહેણીની સામ્યતાના સંબંધમાં બહુ વિવેચનની જરૂર નથી. રાવ બહાદુર શરતચંદ્રદાસ જાતે ટીબેટમાં જઈને ત્યાંની રહેણી–કહેણી વિષે અંગત અનુભવ મેળવી આવ્યા છે. અટ્ઠકથામાં વૈશાલીની રહેણી–કહેણી અંગે જે વિવેચન છે તેને જ મળતી રહેણી–કહેણી એમણે ટીબેટમાં જોઇ હતી. તિરહુત જીલ્લામાં છેલ્લે છેલ્લે લિચ્છવીઓના જે સંતાનો રહેતાં હતાં તેમની પાસેથી ટીબેટીઓ એ પ્રકારની રીતિ–નીતિ પોતાના દેશમાં લઈ ગયા હશે.

## ડૉ૦ વિદ્યાભૂષણનો મત.

ડો. સતીશચંદ્ર વિદ્યાભૂષણ લિચ્છવીઓને પારસીઓના વંશધર માને છે. પારસીઓના "નિસિબિસ" અને મનુના નિચ્છબિમાં ઉચ્ચાર સંબંધી જે ઐક્ય છે તેની ઉપર જ વિદ્યાભુષણે મુખ્ય ભાર મૂકયો છે. કુલ્લુકની ભૂલમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**૧ શ્રી ભાવનગર પાંજરાપોળનો ચાર વર્ષનો રિપોર્ટ– સં. ૧૯૮૬–૮૭–૮૮–૮૯ ના હિસાબ સાથે. તથા શ્રી ભાવનગર જૈન જીવદયા ખાતા, શ્રી વર્ધમાન આયંબીલ તપ ખાતા તથા શ્રી ગંભીરવિજયજી સંસ્કૃત પાઠશાળા ખાતા વગેરેના રિપોર્ટ અમોને મળ્યા છે.**

---

નિચ્છબિ શબ્દ ઉપજ્યો છે એ આપણે પૂર્વે જોઇ ગયા છીએ. મૂળ નિચ્છબિ નહીં પણ લિચ્છવી છે, ડૉ૦ વિદ્યાભૂષણે એક ભૂલમાંથી બીજી ભૂલ ઉભી કરી છે. દરાયુની ચઢાઇ વખતે નિસિબિસના રહીશો, પંજાબમાં સ્થાન ન મળવાથી મગધમાં આવીને વસ્યા હોય એ સાવ અસંભવિત છે. સ્મિથ સાહેબ બુદ્ધદેવનો નિર્વાણ સમય ઇ. સ. પૂર્વે ૪૮૭ માને છે. સિંહલના બૌદ્ધ–શ્રવણો ઇ. સ. પૂર્વ ૫૪૪ માને છે. દરાયુની ચઢાઇનો સમય ઇ. સ. પૂર્વે ૫૧૫ નો છે. બુદ્ધદેવના નિર્વાણ વખતે વૈશાલી એક મ્હોટી નગરી હતી અને લિચ્છવીઓ ઘણા સમયથી વિદેહદેશમાં વસતા હતા એ વાત નિર્વિવાદ છે. દરાયુની ચઢાઇ વખતે લિચ્છવીઓનો આદિ પુરૂષ હિંદુસ્તાનમાં આવ્યો હોય એ શી રીતે બને ?

બીલ સાહેબ પણ એવી જ એક ભ્રમણામાં ગુંચવાઇ ગયા છે. તે લિચ્છવિને શુદ્ધ ભારતીય નથી માનતા, એમના મત પ્રમાણે "યુચેચી" જાતિના સંતાનો પાછળથી લિચ્છવિ નામે પ્રસિદ્ધ થયા, ખરી વાત તો એ છે કે યુચેચી ભારતવર્ષમાં ઇ. સ. ની શરૂઆતમાં જ આવ્યા છે, અને લિચ્છવીઓ તો ઇ. સ. પૂર્વે પાંચસો–છસો–સાતસો વર્ષ પહેલા ભારત વર્ષમાં સમૃદ્ધિ અને પ્રતિષ્ઠા પામી ચૂકયા હતા.

મતલબ કે લિચ્છવીઓ શુદ્ધ ભારતીય હતા, આર્ય હતા અને એમની નસોમાં નિર્મળ ક્ષત્રિયતાનું લોહી વહેતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુભાષિત સંગ્રહ**—પ્રવર્તક મુનિ **સુખસાગરજી** મહારાજ સંગ્રહિત, પ્રકાશક જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર સુરત ( ગ્રંથાંક નં. ૩૮ ) ઘણા પ્રયત્નપૂર્વક સંશોધન કરી આ સંગ્રહ એકઠો કરી પ્રગટ કરેલ છે. જે ઉપદેશક, મનન કરવા જેવો છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

× × ×

**જિનવાણી**—તુલનાત્મક દર્શનવિચાર. મૂળલેખક શ્રી **હરિસત્ય** ભટ્ટાચાર્યજી એમ. એ. બી. એલ. કલકત્તા. અનુવાદક શ્રી **સુશીલ** ભાવનગર. બેંગાલ સાહિત્યકાર વિદ્વાનો દર્શન-સાહિત્યનો અભ્યાસ કરી કોઇપણ દર્શન માટે સ્વતંત્ર લેખ લખે છે, તે રીતે ગ્રંથના લેખક મહાશય ભટ્ટાચાર્યજીએ જિનવાણી નામના માસિકમાં જૈન દર્શનનો પરિચય લખવો શરૂ કરેલો, જેમાં માત્ર ચાર લેખો, જૈન દષ્ટિએ ઇશ્વર, જૈન દર્શન અને કર્મવાદ, જીવનનું સ્વરૂપ, ભારતીય દર્શનમાં જૈન દર્શનનું સ્થાન આ ચાર લેખો લખાયા પછી તે માસિક બંધ પડ્યું. એ ચારે લેખોનો અનુવાદ બંધુશ્રી સુશીલે ગુજરાતીમાં અવતરણ કરેલ છે. સાથે શ્રી પાર્શ્વનાથજીનો જીવનપ્રસંગ અને ખારવેલ શિલાલેખનું પૃથક્કરણ આ બે વિષયોનો ઉમેરો કરી ગ્રંથરૂપે પ્રકટ થયેલ છે. દર્શન સાહિત્યના જીજ્ઞાસુઓને ખાસ વાંચવાયોગ્ય છે. પ્રકટકર્તાઃ વૈદ્ય નગીનદાસ છગનલાલ ઉંઝા રૂા. ૧–૦–૦

× × ×

**પ્રતાપસિંહ નાટક**—લેખક અને પ્રકાશક મણીભાઇ ભૂલાભાઇ પટેલ એમ દરબાર બી. એ. હેડમાસ્તર મહેમદાવાદ–કિંમત રૂા. ૧–૪–૦ શ્રી વર્ધમાન સાહિત્ય ગ્રંથમાળાનું આ છઠ્ઠું પુસ્તક છે. અને ભારતમાં ઠેરઠેર સ્વદેશ–સ્વભૂમિના રક્ષણ માટે વીરતા, ત્યાગીપણા અને એકનિષ્ઠા માટે સોનેરી અક્ષરે જળવાઇ રહેલ રાણા પ્રતાપનું નામ છે. તેના જીવનવૃતાંતના અનેક ગ્રંથો પ્રકટ થયા છે, પરંતુ આ ગ્રંથ નાટકરૂપે છે. મૂળસ્વરૂપને સાચવી વીરરસ સાથે શૃંગાર અને કારૂણ્ય રસનો ઉમેરો કરી આ નાટક લેખક મહાશયે તૈયાર કર્યું છે. પાત્રોના મુખમાં મુકાયેલ ભાષા સરલ અને જ્યાં જોઇએ તેવી ત્યાં છે.

મળવાનું સ્થળઃ **મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ,**

પાયધુની–મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ઉપયોગી

# સતી સુરસુંદરી ચરિત્ર.

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત, રસિક કથા ગ્રંથ. )**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીધનેશ્વર મુનિ છે, કે જેઓશ્રીએ સં. ૧૦૯૫ માં આ કથાની રચના કરી છે, જે જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગમોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા કર્તા સૂરીશ્વર મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે. પ્રાચીન શૈલીએ લખાયેલી આ કથાને બની શકે ત્યાં સુધી આધુનિક શૈલીએ મૂળ વસ્તુ તમામ સાચવી, મૂળ ગ્રંથ-કર્તાનો આશય સાચવી સરલ રીતે આ ગ્રંથની સંકલનાપૂર્વક રચના કરવામાં આવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા (ચરિત્ર), પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો (મૂળ સાથે ભાષાંતર) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્રકથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતિ અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને કપડાની સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગનનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ૦–૮–૦ |
| શ્રી સંમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રીપાર્શ્વનાથ પદ્માવતી | ૦–૮–૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |

| નામ. | કીંમત |
|---|---|
| શ્રી જીનદત્તસુરિજી (દાદા સાહેબ) | ૦–૬–૦ |
| છ લેશ્યા. | ૦–૬–૦ |
| મધુબિંદુ. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીનુ જલમંદિર. | ૦–૮–૦ |
| **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી મહાવીર સ્વામી. | ૦–૮–૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે** | ૨–૮–૦ |
| જંબુદ્રીપનો નકશો રંગીન. | ૦–૬–૦ |
| નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર. રંગીન | ૦–૬–૦ |

મળવાનુ સ્થળઃ— **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


## " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત સંશોધન કરી, તદ્દન શુદ્ધ રીતે બત્રીશ ફોર્મ પોણાત્રણશેહ પાનાને એન્ટ્રીક ઉંચા કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત મજબુત કપડાથી તૈયાર થાય છે. આવતા માસમાં તૈયાર થઇ જશે. કિંમત રૂ. ૨-૦-૦ ( મુદ્દલથી પણ ઓછી. ) પોષ્ટેજ જુદું. પાંચમો-છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.

## શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

# श्री बृहत् कल्पसूत्रम्-

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત )

### [ પુસ્તક ૧ લું, પીઠિકા ]

અતિમાન્ય આ છેદસૂત્રને પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેના વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે ? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે ? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે.

ઉંચા લેઝર પેપર ઉપર, સુંદર વિવિધ શાસ્ત્રી અક્ષરોથી શ્રી નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુશોભિત કપડાનું મજબૂત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ બાર આના.

---

**આ સંસ્થાઓએ મુંબઇમાં પોતાની ઓફીસો નીચેને ઠેકાણે બદલી છે.**

૧. શ્રી જૈ૰ શ્વે૰ કોન્ફરન્સ ઓફીસ—ધીયામેન્શન શેખ મેમણ સ્ટ્રીટ નં. ૮૬<br>
સુતાર ચાલ જંકશન. મુંબઇ નં. ૨<br>
તા નું સરનામું " હિંદ સંઘ "

૨. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ હેડ ઓફીસ—ધીયામેન્શન. ૭૩-૭૭ સુતારચાલ<br>
મુંબઇ નં. ૨.


---

ભાવનગર - આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું

For Private And Personal Use Only